Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# આત્માનંદ પ્રકાશ



ATMANAND PRAKASH


## વિશ્વશાંતિ

વિશ્વશાંતિનો આધાર વ્યકિત-શાંતિ ઉપર છે. વિશ્વશાંતિ અત્યારે જોખમમાં છે, કારણ કે જે બધી વ્યક્તિઓ મળીને વિશ્વ બને છે તે સૌ (જૂજ અપવાદ સિવાય) અશાંત છે. અને તેમની એ અશાંતિની પાછળ ખોટાં મૂલ્યાંકનો છે. વ્યકિતઓ સત્ય અને આભાસ વચ્ચેનો વિવેક ગુમાવી બેઠી છે; તત્ત્વને ભૂલીને ભ્રમણાની પાછળ દોટ મૂકી રહી છે, માટે જ તો રાષ્ટ્રો અશાંત છે; અને માટે જ તો વિશ્વ કોઈ મહાભયંકર યુદ્ધની ધાર પર અદ્ધર પગે ઊભું છે એમ આપણને થઈ રહ્યું છે. એટલે વિશ્વશાંતિનો સાચો ઉપાય વ્યકિતની શાંતિ છે. વ્યકિતએ સંયમ કેળવવો જોઇએ, પોતાની જરૂરિયાતો ઉપર અંકુશ મૂકવો જોઇએ, પોતાના લોભ અને ક્રોધને કાબૂમાં રાખવા જોઈએ; સામેનો માણસ અશાંત થાય તો તેને શાંતિ ને સબુરીપૂર્વક સમજાવવો જોઈએ. ઘણીખરી વ્યકિતઓ આમ કરે તો વિશ્વશાંતિનો કોયડો આપોઆપ ઊકલી જાય. એટલે વ્યકિતએ શાંતિ પ્રાપ્ત કરવા શું કરવું ઘટે, કઈ જાતની સાધના કરવી ઘટે તે બધા જ ધર્મોએ અને વિચારકોએ બતાવ્યું છે; અને એ બધાની ભાષા જુદી જુદી હોવા છતાં તેમનો સર્વસાધારણ સાર એક જ છે. શાંતિ મેળવવા માટે વ્યકિતએ પ્રાપ્તનું સેવન કરવું જોઈએ; અને તે નિર્મમ બનીને.

'અખંડ આનંદ'માંથી


પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૭
અંક ૧-૨

કારતક
માગશર
સં. ૨૦૧૬


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષયાનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. નૂતનવર્ષાભિનંદન | ( મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી ) | ૧ |
| ૨. વર્ષારંભે વીર વંદન | ( વિઠ્ઠલદાસ મૂ. શાહ ) | ૨ |
| ૩. તાલધ્વજ તીર્થ–મહિમા | ( અમરચંદ માવજી ) | ૩ |
| ૪. નૂતન વર્ષનું મંગળ વિધાન | ( પ્રકાશન સમિતિ ) | ૪ |
| ૫. ચૈત્યવંદન ચતુર્વિંશતિકા ( ૧૯ ) | ( પં. શ્રી સુશીલવિજયજી ગણિ ) | ૬ |
| ૬. આચારાંગ સૂત્ર | ( દલસુખ માલવણીઆ ) | ૭ |
| ૭. જ્ઞાન એ સહુથી પવિત્ર છે ! | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૯ |
| ૮. સમાચાર–સાર | | ૧૨ |
| ૯. શ્રી જૈન આત્માનંદ સભાનો સં. ૨૦૧૩ તથા સં. ૨૦૧૪નો રિપોર્ટ તથા હિસાબ અને સરવૈયું | | ૧૩ |


## નવા લાઇફ મેમ્બર

શ્રી ગંભીરદાસ જીવરાજ. ભાવનગર

# અવસાન નોંધ

## ૧. શ્રી વીરચંદ પાનાચંદ શાહ

સં. ૨૦૧૫ ના આસો શુદ ૧૦ ના રોજ શેઠ શ્રી વીરચંદ પાનાચંદનું મુંબઈ મુકામે અવસાન થયું. તેમના જવાથી જૈન સમાજે એક તન–મન–ધનથી સમાજની સેવા કરનાર સેવાભાવી ગુમાવ્યો છે. તેઓશ્રી કેળવણી પ્રત્યે ખૂબ પ્રેમ ધરાવતા. અનેક સંસ્થાઓ અને સમાજવિકાસની વિધવિધ પ્રવૃત્તિઓમાં ઊંડો રસ લઈ સહકાર આપતા.

તેઓશ્રી આ સંસ્થાના પેટ્રન હતા અને આ સંસ્થા પ્રત્યે પણ સારી મમતા ધરાવતા. એમનો આત્મા જ્યાં હોય ત્યાં ચિરસ્થાયી શાંતિ પામો એ જ અભ્યર્થના.

## ૨. શ્રી ફૂલચંદ ખુશાલચંદ શાહ

શેઠશ્રી ફૂલચંદ ખુશાલચંદ શાહનું સં. ૨૦૧૫ ના આસો શુદ ૧૦ ના રોજ મુંબઇમાં અવસાન થયું તે જાણી અમો ઘણાં દિલગીર થયા છીએ. તેઓશ્રી મહુવાના રહીશ હતા. અને ઉદારભાવે સામાજિક કાર્યોમાં દાન આપતા. આ સંસ્થાના તેઓશ્રી પહેલા વર્ગના લાઇફ મેમ્બર હતા. તેમનો આત્મા ચિરસ્થાયી શાંતિ પામે એ જ અભ્યર્થના.

## પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજીનો સ્વર્ગવાસ

પરમપૂજ્ય આચાર્યશ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી સં. ૨૦૧૫ ના ભાદરવા વદી એકમ ને ગુરુવારના રોજ અમદાવાદ મુકામે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. આ વયોવૃદ્ધ તપસ્વી સૂરિજીના કાળધર્મ પામવાના સમાચારથી સારા જૈન સમાજમાં શોકની લાગણી ફેલાઈ છે. તેઓનું 'બાપજી' એવું બિરુદ તેમના પ્રત્યેની શ્રદ્ધા અને ભક્તિ સૂચવે છે. તેઓ તપસ્યા પણ ખૂબ જ કરતા. છેલ્લા વર્ષોમાં તો તેઓ સતત વર્ષીતપ કરતા. તે ઉપરાંત સ્વાધ્યાયમાં પણ સદા રત રહેતા. તેઓશ્રી તો પોતાનું જીવન ધન્ય કરી ગયા છે. તેમને અમારાં કોટી કોટી વંદન !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ ૫૭ મું ] કારતક-માગશર તા. ૧૫-૧૨-૫૯ [ અંક ૧-૨

# નૂતનવર્ષાભિનંદન

( મંદાક્રાન્તા )

આત્માનંદે જગત વિલસો, આત્મકેશ પ્રકાશો,
સંસ્કારોથી વિમલ ગતિ હો, સર્વ હૈયાં સુહાસે;
સાચી સિદ્ધિ પ્રગટ અરપી, દીપમાલા મહાન,
લબ્ધિ સ્વામી શુભકર બને, **ગૌતમ** જ્ઞાનવાન. (૧)

જેવી પ્રીતિ પ્રબળ ધરતી, વલ્લભે રમ્ય નારી,
દીપે નાખે સરવ નિજનું, જેમ ખદ્યોત વારી;
એવી પામો જિનવર વિષે, ભાવના પ્રેમભક્તિ,
સર્વે અર્પો જિનવર પદે, પ્રાપ્ત હો દિવ્યશક્તિ. (૨)

સત્પાત્રોને મદદરૂપ હો, ધર્મસેવા બજાવો,
સન્માર્ગી હો સમરૂપ બની, ધર્મ-ગીતો ગજાવો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દીપે દીપે નવલ વરસે, દિવ્ય સંદેશ પામો,
ગ્રન્થો અર્પો વિવિધરસના, પ્રાપ્ત હો ભવ્ય કામો. (૩)

( અનુષ્ટુપ )

**આત્માનંદ—પ્રકાશથી,** હઠાવો અંધકારને;
જ્ઞાનની ભવ્ય લ્હાણીથી, ફેલાવો શ્રેષ્ઠ સારને. (૪)

દિવ્ય શક્તિ મહા અર્પો, ઉષા નૂતન વર્ષની;
**લક્ષ્મીસાગર** ભવ્ય જાગતી, આશા શુભ ઉત્કર્ષની. (૫)

રચયિતા-**મુનિશ્રી લક્ષ્મીસાગરજી**

# વર્ષારંભે વીરવંદન

(હરિગીત)

ધારણ કરે સદ્ધર્મને જે સદ્ગુણોથી શોભતા,
કારુણ્યને વરતારતા વળી કર્મને ઉચ્છેદતાં;
નિર્જરા જે આચરીને દુર્ઘટ વ્રતાદિ ધારતા,
અજ્ઞાન-તિમિર ટાળીને જે જ્ઞાનદીપ પ્રકટાવતા.

જેના પ્રભાવતણો પ્રકાશ ત્રિલોકમાં પ્રસરી રહે,
મિથ્યાત્વનું જડમૂળથી જ સદ્ય ઉન્મૂલન કરે;
સમ્યક્ત્વનું સ્થાપન કરી સો ભવ્યને શિવ આપતા,
એ વીરને વંદું પ્રીતે આ નવીન વર્ષ શરૂ થતાં.

વિ. મૂ. શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તાલધ્વજતીર્થ—મહિમા

(ડાંડિયારાસ–ગરબો)

હાં રે ભલે પધાર્યાં સુમતિનાં દ્વાર રે,
તાલધ્વજ તીરથ સુંદર સોહામણાં;
હાં રે તીહાં જુહાર્યાં સાચા દેવ ભાવ રે,
તાલધ્વજ તીરથ સુંદર સોહામણાં. એ ટેક–૧

ભરત ચક્રી પણ આ ગિરિ આવ્યા,
પ્રથમ જિણંદનાં પગલા પધરાવ્યા
હાં રે ભાવે ભક્તિ કરી અપાર રે...તાલધ્વજ–૨

મહીપાલ રાજાએ આ ગિરિ સેવીયા,
કુષ્ટરોગ ગિરિ – પ્રતાપે શમીયા;
હાં રે તરી ગયા દુઃષમ સંસાર રે...તાલધ્વજ–૩

શિખર ઉપર ચોમુખ શોભે,
બાવન જિનાલયે સુમતિ દીપે;
હાં રે મહાવીર પ્રસાદ રસાળ રે...તાલધ્વજ–૪

નલિનીગુલ્મ સમ પાર્શ્વજિનાલય,
ભવ્ય પ્રતિમા દીપે દેવાલય;
હાં રે બિંબ ભરાવ્યા સંપ્રતિ રાજ રે...તાલધ્વજ–૫

તળાજાપુરમાં શાંતિનાથ સોહે,
મલ્લી જિનેશ્વર સૌ મન મોહે
હાં રે તાલધ્વજ મહિમા અપાર રે...તાલધ્વજ–૬

ગિરિની ટેકરી સુંદર સોહામણી,
ભવ્ય ગુફાઓ દીપે રળીયામણી;
હાં રે શેત્રુંજી સંગમ રસાળ રે...તાલધ્વજ–૭

સિદ્ધગિરિ પાસમાં તાલધ્વજ છાંયમાં,
ભવ્ય જીવો કરે યાત્રા આનંદમાં;
હાં રે થાય 'અમર' આત્મ ઉદ્ધાર રે...તાલધ્વજ–૮

—અમરચંદ માવજી શાહ

(શ્રી તાલધ્વજ જૈન વિદ્યાર્થીગૃહનાં નૂતનભવનનાં ઉદ્દઘાટન પ્રસંગે શ્રી શાંતિજિન મહિલામંડળ તળાજાની બ્હેનોએ ડાંડિયારાસ સાથે મેળાવડા સમયે રજૂ કરેલ ગરબો થોડા ફેરફાર સાથે.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતન વર્ષનું મંગળ વિધાન

**शरीरमाहु नावत्ति जीवो वुच्चई नाविओ ।**
**संसारो अण्णवो वुत्तो जं तरन्ति महेसिणो ॥**

શ્રી દશવૈકાલિકચૂલિકામાં કહ્યું છે કે "શરીર એ નાવ છે. જીવ તેનો નાવિક છે. આ સંસાર એ મહાસાગર છે. તે મહાસાગરને પાર કરવા માટે મહર્ષિઓ સમર્થ છે."

આ સંસારસાગરને પાર કરવા માટે આત્માની પાસે શરીરરૂપી નૈયા છે, પણ તે આત્મા સંસારસાગરમાં માર્ગ ભૂલ્યો છે. તેને જ્ઞાનદીપકનો પ્રકાશ લાધે તો તે સાચા માર્ગે જઈ શકે તેથી તે આત્માને આ જ્ઞાનદીપકની ખૂબ જ આવશ્યકતા છે. "શ્રી આત્માનંદ પ્રકાશ" પણ અધ્યાત્મજ્ઞાનના દીપકની જ્યોતને ઝગહળતી રાખવા છપ્પન વર્ષથી સતત પ્રયત્ન કરે રહ્યું છે. આ જ્ઞાનદીપકને જ્વલંત રાખવા અનેક વિદ્વાન મુનિમહારાજ તથા અન્ય વિદ્વાન ગૃહસ્થો સહકાર આપતા રહ્યા છે, તે સૌનો અમે આભાર માનીએ છીએ અને નૂતન વર્ષમાં પણ એવી જ રીતે સહકાર આપશે એવી આશા સેવીએ છીએ.

આ નૂતન વર્ષમાં 'શ્રી આત્માનંદ પ્રકાશ' સત્તાવનમા વર્ષમાં પ્રવેશ કરે છે ત્યારે જ્ઞાનદીપકનો પ્રકાશ ફેલાવી સંસારસાગરના અંધારા ઉલેચી મહાસાગરના નાવિકને યથાશક્તિ ઉપયોગી બનવાની અભિલાષા સેવે છે.

દેશ અને દુનિયા આજે ઝડપી વિકાસ કરી રહ્યાં છે. વિશ્વનો દરેક દેશ આજે વિશ્વશાંતિના સ્વપ્નને મૂર્ત કરવાની ઝંખના કરી રહ્યો છે. વિશ્વશાંતિના સ્વપ્નને સાચું પાડવાના જગતના પ્રયત્નોમાં આપણા રાષ્ટ્રે અહિંસા અને શાંતિના પ્રચાર અને વ્યવહાર દ્વારા સારો ફાળો આપ્યો છે. અહિંસા અને શાંતિના પાયા મજબૂત કરવા માટે અધ્યાત્મજ્ઞાન અને નીતિમય આચરણ જરૂરી છે. 'શ્રી આત્માનંદ પ્રકાશ' પણ આ ભાવનાને પોષણ આપવા, અને એ રીતે સમાજ અને વિશ્વની ઉન્નતિના રાહમાં જ્ઞાનદીપકનો પ્રકાશ ફેલાવવા ઇચ્છા ધરાવે છે.

## ગતવર્ષના બનાવો પર વિહંગદૃષ્ટિ:—

ગતવર્ષમાં આપણા સમાજની એકતા માટેના બે ઉજ્જવળ કિરણો ઝબુકી અદૃશ્ય થઈ ગયા, તે એક દુઃખદાયક બીના છે. એક તિથિચર્ચાના પૂર્ણ ઉકેલની આશા અને બીજું ધાર્મિક શિક્ષણની એકવાકયતાની ભાવના. શેઠશ્રી કસ્તુરભાઈના પ્રયત્નથી તિથિચર્ચાનું સુખદ અને કાયમી સમાધાન થવાની આશા બંધાઈ હતી, પણ ગતવર્ષમાં એ બાબતમાં કંઈ સારી સફળતા મળી નહિ. ધાર્મિક શિક્ષણની બાબતમાં પણ લગભગ એવું જ બન્યું.

આચાર્ય શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી કાળધર્મ પામતા આપણા સમાજને મોટી ખોટ પડી છે. આ ઉપરાંત પૂજ્ય મુનિમહારાજ શ્રી ભુવનવિજયજી મહારાજ કે જેમના સહકાર અને પ્રેરણાથી આ સંસ્થા આગળ વધી રહી છે, તેમના કાળધર્મથી પણ આ સંસ્થા તેમજ સમાજને મોટી ખોટ પડી છે. પૂજ્ય મુનિશ્રી ચન્દ્રકાંતસાગરજી પણ આ સંસ્થા પ્રત્યે સદ્ભાવ રાખવતા હતા, તેમના કાળધર્મથી પણ સમાજ તેમજ સંસ્થાને ઊંડો ઘા લાગ્યો છે. એ ઉપરાંત સમાજની તન—મન અને ધનથી સતત પ્રયત્ન કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સેવા કરનાર શ્રી વીરચંદ પાનાચંદના સ્વર્ગવાસથી પણ જૈન સમાજને મોટી ખોટ પડી છે.


સામાજિક ક્ષેત્રમાં પણ આપણા સમાજે અને સામાજિક સંસ્થાઓએ હજુ ઘણું કરવાનું બાકી છે. મધ્યમવર્ગની સ્થિતિ દિનપ્રતિદિન કફોડી થતી જાય છે. કાતિલ મોંઘવારીમાં સૌથી મોટી ભીંસ તો મધ્યમવર્ગને ભોગવવી પડી છે. મોંઘવારીના ખપ્પરમાં મધ્યમવર્ગનું લગભગ સર્વસ્વ હોમાઈ ગયું છે, છતાં હજી સામાજિક રીતરિવાજો મધ્યમવર્ગને ભરડો લઈ રહ્યા છે. સમાજની લગભગ બધી સામાજિક સંસ્થાઓ અને સેવામંડળોએ મળી લગ્નાદિ સામાજિક પ્રસંગોના ખર્ચાઓ ઓછા કરવા કટિબદ્ધ થવાની જરૂર છે. આ ઉપરાંત મધ્યમવર્ગના ઉત્કર્ષ માટે ગૃહઉદ્યોગો વિકસાવવાની પણ જરૂર છે. શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ તથા બીજી કેટલીક સંસ્થાઓએ આ દિશામાં ઠીક કામ કર્યું છે. તેમના ગૃહઉદ્યોગો વિકાસના પ્રયત્નો ઘણા સમાજોપયોગી છે, તે વધુ વિકાસ સાધી વધારે વ્યવસ્થિત બને એવી શુભેચ્છા.

**સભાની પ્રવૃત્તિઓ:**—ગતવર્ષમાં શ્રી આત્માનંદ પ્રકાશ માસિકમાં ૧૫ પદ્ય, ૩૪ ગદ્યલેખો તથા સુભાષિતો, ચિંતન કણિકાઓ વગેરે વિવિધ લેખો પ્રગટ કરવામાં આવ્યા હતા. આ રીતે વિવિધ સાહિત્ય-સામગ્રીથી માસિકને સમૃદ્ધ કરવામાં પૂજ્ય મુનિમહારાજ શ્રી જમ્બૂવિજયજી, મુનિશ્રી લક્ષ્મીસાગરજી, મુનિશ્રી વિશાળવિજયજી, પં. શ્રી સુશીલવિજયજી તથા અન્ય વિદ્વાન બંધુઓ પ્રો. શ્રી દલસુખભાઈ માલવણિયા, પ્રો. શ્રી હી. ર. કાપડીયા, શ્રી પાદરાકર, શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી, શ્રી વિઠ્ઠલદાસ મૂ. શાહ, શ્રી બાલચંદ હીરાચંદ, શ્રી અમરચંદ માવજીભાઈ, પ્રો. શ્રી જયંતીલાલ બી. દવે, શ્રી જયભિખ્ખુ, શાહ ફત્તેચંદ ઝવેરભાઈ, હરિલાલ દેવચંદ શેઠ, શ્રી કા. જ. દોશી વગેરે વિદ્વાન લેખકોએ સારો સહકાર આપ્યો હતો, તે સૌનો અમે ફરીથી આભાર માનીએ છીએ.

આ ઉપરાંત સભા તરફથી "ધર્મકૌશલ્ય" નામનો ગ્રન્થ પણ સભાએ પ્રગટ થયો છે તેમાં સ્વ. શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆના ચિંતનપ્રેરક લેખોનો સંગ્રહ છે. આ ગ્રન્થ સલોત ફૂલચંદ ત્રિકમભાઈ ગ્રન્થમાળા, પુષ્પ બીજા તરીકે પ્રસિદ્ધ થયો છે. મૂલ્ય પોણા બે રૂપીઆ છે.

આ સભા અનેક વિદ્વાન મુનિમહારાજો, તથા અન્ય શુભેચ્છકોના સહકારથી પ્રગતિ કરી રહી છે, તે સૌનો અમે આભાર માનીએ છીએ. ખાસ કરીને પૂજ્ય મુનિશ્રી પુણ્યવિજય તથા મુનિશ્રી જંબૂવિજયજી આ સભાના ઉત્કર્ષ માટે સતત ચિંતા સેવી રહ્યા છે અને સંસ્થાના કામમાં હમેશા સહકાર આપી રહ્યા છે. મુનિશ્રી જંબૂવિજયજી દ્વાદશારનયચક્ર' જેવા મહાન ગ્રન્થનું સંપાદન કરવામાં અવિરત શ્રમ લઈ રહ્યા છે. તે બન્ને મુનિવરોના સહકારથી આ સંસ્થા ગૌરવવંતું સ્થાન પ્રાપ્ત કરી શકી છે. તેમનો અમો આભાર માનીએ છીએ. પૂજ્ય મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજી પણ સંસ્થાના કાર્યમાં જ્યારે જરૂર પડે ત્યારે સહકાર આપે જ છે, તેમની પણ આ સંસ્થા ઋણી છે. નૂતન વર્ષમાં પણ આ સંસ્થાને સહકાર આપવા સૌ વિદ્વાન મુનિરાજો તથા અન્ય સદ્‌ગૃહસ્થોને અમે વિનંતી કરીએ છીએ.

**પ્રકાશન સમિતિ**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# चैत्यवंदन चतुर्विंशतिका

ભાવાર્થકાર-પંન્યાસ શ્રી સુશીલવિજયજી ગણી

( અનુસંધાન પૃષ્ઠ પુસ્તક ૫૬ ના ૧૬૯ થી ચાલુ )

## एकोनविंशत् तीर्थङ्कर—

## श्रीमल्लिनाथजिनेन्द्र–स्तवनम् [ १९ ]

( गेयपद्धतिरागः )

कुम्भसमुद्भव ! सम्मदाकर !

गुणवर ! हे मल्लिजिनोत्तमदेव !, जय जय विश्वपते ! ॥१॥

કુંભરાજાના સંતાન, આનંદની ખાણ, ગુણથી શ્રેષ્ઠ, ત્રણ ભુવનના સ્વામી, જિનમાં ઉત્તમ એવા હે મલ્લિનાથ દેવ ! આપ જયવંતા વર્તો, જયવંતા વર્તો. (૧)

कृत्याकृत्यविवेकिता जिन ! समुचिता ।

हेत्वयि जागर्ति जिनेश ! जय जय विश्वपते ! ॥२॥

હે મલ્લિજિન ! આપના જેવા જાગ્રતિમાન એટલે આત્મવિકાસમાં તત્પર રહેતે છતે કૃત્યાકૃત્યનો વિવેક સમ્યગ્ પ્રકારે ઉચિત છે એવા વિશ્વપતિ હે મલ્લિનાથ દેવ ! આપ જયવંતા વર્તો, જયવંતા વર્તો. (૨)

नित्यानन्दप्रकाशिका भ्रमनाशिका ।

हे तव शुभदृष्टिरनीश !, जय जय विश्वपते ! ॥३॥

હે અનીશ ! અર્થાત્ જેના પર અન્ય કોઈ સ્વામી નથી અર્થાત્ પોતે જ ચરમસ્વામી છે એવા, નિત્ય આનંદને પ્રકાશ કરનારી અને ભ્રમને નાશ કરનારી એટલે ભવભ્રમણ અથવા મિથ્યા જ્ઞાનનો નાશ કરનારી આપની શુભદ્રષ્ટિ છે એવા હે વિશ્વપતિ મલ્લિજિનેશ્વર ! આપ જયવંતા વર્તો, જયવંતા વર્તો. (૩)

शुद्धिनिबन्धसन्निधे ! सद्गुणनिधे ! ।

हे वर्जितसर्वविकार !, जय जय विश्वपते ! ॥४॥

જેમનું સાનિધ્ય શુદ્ધિના કારણરૂપ છે એવા, ઉત્તમ ગુણના નિધાન અને સર્વ વિકારથી રહિત એવા વિશ્વપતિ મલ્લિજિનેશ્વર ! આપ જયવંતા વર્તો, જયવંતા વર્તો. (૪)

निजनिरुपाधिकसम्पदा शोभित ! सदा ।

हे निर्मलधर्मधुरीण !, जय जय विश्वपते ! ॥५॥

આત્માની વાસ્તવિક સમ્પત્તિવડે સર્વદા શોભિત, નિર્મલ ધર્મના અગ્રેસર એવા હે વિશ્વપતિ મલ્લિજિનેશ્વર ! આપ જયવંતા વર્તો, જયવંતા વર્તો (૫)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આચારાંગ સૂત્ર (૫)

લે. પં. દલસુખ માલવણિયા

( અનુસંધાન પુસ્તક ૫૬ ના પૃષ્ઠ ૧૭૯ થી ચાલુ )

## શીતોષ્ણીય

શીતોષ્ણીય નામનું ત્રીજું અધ્યયન ચાર વિભાગોમાં વહેંચાયેલું છે. શીતોષ્ણીય શબ્દનો 'ઠંડું અને ગરમ' એ અર્થ સિવાય આધ્યાત્મિક અર્થ બતાવતા નિર્યુક્તિકારે પરીષહ (કષ્ટસહન), પ્રમાદ, ઉપશમ, વિરતિ અને સુખને શીત કહ્યાં છે તથા પરીષહ, તપ, ઉદ્યમ, કષાય, શોક, વેદ, કામાભિલાષ, અરતિ અને દુઃખને ઉષ્ણ કહ્યા છે. પરીષહોની ગણના શીત અને ઉષ્ણ બન્નેમાં કરવાનું કારણ એ છે કે સ્ત્રી. પરીષહ અને સત્કારપરીષહ મનને લોભાવનાર—અનુકૂળ પરીષહ હોવાથી શીત છે અને બાકીના વીસ પરીષહ પ્રતિકૂળ હોવાથી ઉષ્ણ છે. એક સિદ્ધાન્ત એ પણ છે કે તીવ્ર પરિણામી ઉષ્ણ છે અને મંદપરિણામી શીત છે.

લોકમાં જે વ્યક્તિ ધર્મ અથવા અર્થના વિષયમાં પ્રમાદી (આળસુ) હોય છે તેને ઠંડો અને જે મહેનતુ—ઉદ્યમી હોય છે તેને ઉષ્ણ-તેજ કહેવાની પ્રથા છે. તેથી શીતમાં પ્રમાદની અને ઉષ્ણમાં ઉદ્યમની ગણના કરવામાં આવી છે. "ક્રોધથી બળી રહ્યો છે" એવા શબ્દોનો પ્રયોગ પણ થાય છે. તેથી જેના ક્રોધ વગેરે ઉપશાન્ત થઈ ગયા છે તે વ્યક્તિને શીતળ કે ઉપશાન્ત કહેવામાં આવે તો અનુચિત નથી. તેથી જ ઉપશમ શીત છે અને કષાય ઉષ્ણ છે.

પ્રસ્તુત અધ્યયનમાં આ બાહ્ય તેમજ આન્તરિક શીતોષ્ણની વિચારણા છે. તે એટલા માટે કે શ્રમણ શીત-ઉષ્ણ સ્પર્શ, સુખદુઃખ, પરીષહ, કષાય, વેદ, કામવાસના અને શોકને સહન કરે અને સદા તપ-સંયમ-ઉપશમમાં લાગી રહે. કામભોગોનું સેવન ન કરે, આજ પ્રસ્તુત અધ્યયનનો સાર છે.

પહેલા ઉદ્દેશનું પહેલું વાક્ય છે—"**सुत्ता अमुणी, मुणिणो सया जागरंति**"—અમુનિ સુપ્ત છે અને મુનિ સદા જાગ્રત છે, પ્રસ્તુત અધ્યયનમાં આધ્યાત્મિક નિદ્રા અને જાગરણનો ભાવ છે. બાહ્ય અને આંતરિક એ બન્ને ક્ષેત્રમાં પ્રમાદ હાનિકારક અને અપ્રમાદ સુખકારક હોય છે, એ સહુના અનુભવની વાત છે.

આ ઉદ્દેશમાં એક બીજું મહત્ત્વપૂર્ણ વાક્ય છે—"કર્મવિહીનને માટે વ્યવહાર નથી. કર્મ ઉપાધિ છે. તેથી લોકમાં જેટલો વ્યવહાર છે, તે ત્યાં સુધી છે કે જ્યાં સુધી જીવ કર્મથી આવિષ્ટ છે. કર્મવિહીન આત્માની એવી દશા છે કે જેને ઉપનિષદોમાં '**नेति नेति**' કહીને બતાવ્યું છે. સંયુત્તનિકાયમાં તથાગત બુદ્ધે પણ એ જ વાત કહી છે. મૃત્યુ પછી તથાગતનું શું થાય છે ? એ પ્રશ્નના ઉત્તરમાં કહ્યું છે કે "જેવી રીતે મહાસમુદ્રના પાણીનું માપ નથી હોતું, તેમ મૃત્યુ પછી તથાગત પણ ગંભીર છે, અપ્રમેય ( ન જાણી શકાય તેવા ) છે તેથી અવ્યાકૃત ( અનિર્વચનીય ) છે.

બીજા ઉદ્દેશના પહેલા વાક્યમાં કહ્યું છે—પ્રબુદ્ધ (જ્ઞાની) પુરુષને જ્યારે મોક્ષનું જ્ઞાન થાય છે ત્યારે તે સમ્યગ્દર્શી પુરુષ પાપ કરતો નથી. આગળ જીવ પાપકર્મ કરવાથી કેવી રીતે દુઃખી થાય છે તેનું સજીવ વર્ણન છે અને કહ્યું છે કે આતંકદર્શી—નરક આદિ દુર્ગતિમાંથી બચનાર—પાપકર્મ કરતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રીજા ઉદ્દેશની શરૂઆતમાં કહ્યું છે કે બધા પ્રાણીઓને આત્મદૃષ્ટિ–સમભાવદૃષ્ટિથી જુએ, કોઈ પણ પ્રાણી, જીવ કે સત્ત્વની હિંસા કે ઘાત ન કરે. આ જ ઉદ્દેશમાં આગળ બતાવ્યું છે કે–" હે પુરુષ, તું જ તારો મિત્ર છે. બહારના મિત્રની શોધ શામાટે કરે છે? તું આત્માનો જ આશ્રય લે. આ જ દુઃખમુક્તિનો માર્ગ છે."

ચોથો ઉદ્દેશ રહસ્યપૂર્ણ વાક્યોથી સભર છે. થોડામાં ઘણું કહી દીધું છે. જેમકે :–મુનિ ક્રોધ, માન, માયા અને લોભનું વમન કરે છે ( ત્યાગ કરે છે ). આ તે તીર્થંકરનું દર્શન છે જે સ્વયં અહિંસક છે અને સંસારનો અંત કરનાર છે. જે એકને જાણી લે છે, તે સર્વને જાણે છે, જે સર્વને જાણી લે છે, તે એકને જાણી લે છે. પ્રમત્તને બધા પ્રકારનો ભય છે, પરંતુ અપ્રમત્તને ભય નથી. આવા વાક્યોમાં જે કહેવાયું છે, આગળના સૂત્રોમાં વિસ્તૃત વિવેચન છે. પરંતુ એક વાત ધ્યાન દેવા યોગ્ય છે, તે એ છે કે ચાર કષાયો સિવાય પેજ્જ—રાગ—દોષ—દ્વેષનો પણ નિર્દેશ કરવામાં આવ્યો છે. જૈન આગમોમાં મોહનીય કર્મના દર્શનમોહ અને ચારિત્રમોહ એ બે ભેદ પાડવામાં આવ્યા છે તેમાંથી ચારિત્રમોહ કર્મના જ આ ભેદ છે.

હિંસા–અહિંસાની વિશેષતા દર્શાવતા કહ્યું છે કે–" **अत्थि सत्थं परेण परं** " હિંસાના સાધન શસ્ત્ર ઉત્તરોત્તર પ્રબળ મળી શકે છે પરંતુ " **नत्थि असत्थं परेण परं** " અશસ્ત્ર–અહિંસામાં તારતમ્ય (ઘટવધ) નથી. તે અખંડ છે, સમ છે, એક પ્રકારની છે. હિંસક શસ્ત્રોના ઉત્પાદનની હરીફાઈના આ યુગમાં જો આ સત્યને સાચા સ્વરૂપમાં સ્વીકારવામાં આવે તો જલદી વિશ્વ અહિંસાના માર્ગ પર આવી શકે, આખા સંસારમાં શાંતિ સ્થપાઈ શકે.

**સમ્યક્ત્વ**

ચોથા અધ્યાયનું નામ છે–સમ્યક્ત્વ. તત્ત્વાર્થની શ્રદ્ધાને સમ્યક્ત્વ કે સમ્યગ્દર્શન કહે છે. આ અધ્યયનના ચાર ઉદ્દેશ છે.

સમ્યક્ત્વ–યથાર્થ શ્રદ્ધાનું મહત્ત્વ બતાવતા નિર્યુક્તિકારે કહ્યું છે કે " જેવી રીતે સબળા પ્રયત્ન કરવા છતા અંધ વ્યક્તિ શત્રુને જીતી શકતી નથી તેવી રીતે મિથ્યાદૃષ્ટિ ધન તેમજ સ્વજનોનો ત્યાગ કરીને, અને નિવૃત્તિનો સ્વીકાર કરીને તથા અનેક કષ્ટો ઉઠાવીને પણ નિર્વાણ પ્રાપ્ત કરી શકતી નથી. તેથી કર્મ શત્રુ પર વિજય મેળવવો હોય તો સૌથી પહેલા શ્રદ્ધાસંપન્ન બનવું આવશ્યક છે. કારણ કે શ્રદ્ધાયુક્ત વ્યક્તિનાં જ્ઞાન, તપ અને ચારિત્ર સફળ બને છે, અને સમ્યક્ત્વ-પ્રાપ્તિની પછી ક્રમે ક્રમે ઉન્નતિ પ્રાપ્ત કરી તીર્થંકર આદિ પદની પ્રાપ્તિ સંભવિત છે.

તીર્થંકરનો મૂળમંત્ર કયો છે? કયા વિષયની પરમ શ્રદ્ધા આવશ્યક છે? આનું સ્પષ્ટીકરણ પહેલા સૂત્રમાં કરવામાં આવ્યું છે. જૈન ધર્મ અને દર્શનનું તાત્પર્ય પણ આ એક સૂત્રમાં જ આવી ગયું છે. અહિંસાની નિષ્ઠા(શ્રદ્ધા)નું વર્ણન આ સૂત્રથી વધારે સારું બીજે દુર્લભ છે. સૂત્રમાં કહ્યું છે કે, " અતીત, વર્તમાન અને આગામી બધા અરિહંતોનું કથન છે કે સર્વ પ્રાણ, સર્વ ભૂત, અને સર્વ જીવની હત્યા નહિ કરવી જોઇએ. તેમને પીડા કે સંતાપ ન આપવા જોઇએ. આ ધર્મ જ શુદ્ધ છે, નિત્ય છે, શાશ્વત છે. અહિંસાની આ શ્રદ્ધાને પ્રાપ્ત કરીને જીવ પોતાની શક્તિનું ગોપન ન કરે અને લોકૈષણાનો પણ પરિત્યાગ કરે.

બીજા ઉદ્દેશની શરૂઆત આ ગૂઢ વાક્યથી થાય છે, " જે આસ્રવ છે, તે પરિસ્રવ–સંવર છે, અને જે પરિસ્રવ છે તે આસ્રવ–કર્મબન્ધનાં કારણ છે. આ કેવી રીતે સંભવે? તેનું સમાધાન આમ છે, કે બાહ્ય આચરણ સમાન હોવા છતાં મિથ્યાદૃષ્ટિને માટે જે અનુષ્ઠાન ( ક્રિયાકાંડ ) કર્મબન્ધક બને છે, તે જ અનુષ્ઠાન તત્ત્વદર્શી પુરુષને માટે નિર્જરાનું કારણ બને છે. ગીતાની ભાષામાં કહેવું હોય તો આમ કહી શકાય, " આસક્ત પુરુષને માટે જે અનુષ્ઠાન બન્ધક છે તે જ અનુષ્ઠાન અનાસક્તને માટે મોક્ષનું કારણ બની જાય છે. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાન એ સહુથી પવિત્ર છે!

લેખક : શ્રી બાલચંદ હીરાચંદ, 'સાહિત્યચંદ્ર'

જગતમાં પવિત્ર વસ્તુઓ છે તેમ અપવિત્ર વસ્તુઓ પણ છે જ. પવિત્ર વસ્તુઓની પેઠે પવિત્ર કાર્ય-પ્રવૃત્તિઓ પણ હોય છે. એટલે કેટલાકએક કાર્યો કરવા લાયક હોય છે તેમ કેટલાએક કાર્યો કરવા લાયક હોતા નથી. આ બધું છે, એટલા માટે જ પવિત્ર અને અપવિત્ર ઓળખવાની જરૂર ઉત્પન્ન થાય છે. તેમજ કયું કાર્ય કરવું પવિત્ર ગણાય, અને કયું કાર્ય કરવું અપવિત્ર ગણાય, અથવા શું કરવું અને શું ન કરવું એનો બોધ આપણને થવાની જરૂર અનિવાર્યપણે રહે છે. એ બોધ મેળવવો હોય તો આપણે જ્ઞાન મેળવવાની જરૂરત તો છે જ.

---

ત્રીજા ઉદ્દેશમાં બાહ્ય લોકની ઉપેક્ષા કરીને તપસ્યાથી કર્મરૂપી ઈન્ધણાંને જલાવીને આત્માને ઉજ્જવળ બનાવવાનો ઉપદેશ આપ્યો છે.

ચોથા ઉદ્દેશમાં આ સૂત્ર ધ્યાન આપવા યોગ્ય છે, "**दुरणुचरो मग्गो वीराणं अनियट्टगामीण**" એટલે કે મોક્ષગામી વીરોનો માર્ગ દુરનુચર–ઘણો વિકટ છે. તે માર્ગ પર ચાલવું હોય તો શરીરથી માંસ અને રુધિરને અલગ કરી દો. "**वेदवित्** તત્ત્વજ્ઞ તે છે, જે કર્મને ફળ આપનાર અથવા સંસારમાં પરિભ્રમણ કરાવનાર જાણીને તેનાથી વિરમે છે અને નિષ્કર્મદર્શી બને છે, કર્મ બન્ધનના કારણોથી હંમેશા દૂર રહે છે. આમાં સ્પષ્ટરૂપે **वेदवित्** નો સ્વાભિમત અર્થ કરવામાં આવ્યો છે.

સંગ્રા૦ મુનિ આઈદાન.
અનુ૦ કા. જ. દોશી

જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો તે મેળવવા માટે ભાષાશાસ્ત્ર આપણે પહેલું શીખવું જોઈએ. ભાષા–વ્યાકરણ શુદ્ધ ભણીએ તો જ ઉપદેશક શું બોધ આપે છે તે આપણે સમજી શકીએ. અગર કોઈ બોધવચન આપતું લખાણ વાંચવું હોય તો પણ વ્યાકરણ ભણવાની આપણને અત્યંત જરૂર હોય છે. તેમ ન હોય તો ભણતા વાંચતા પણ અર્થને ઠેકાણે અનર્થ થવાનો સંભવ રહે છે. અને લેખકનો અગર ગ્રંથકારનો લખવાનો હેતુ માર્યો જાય તેમ છે. લખનારનો હેતુ કાંઈ હોય અને આપણે વ્યાકરણના જ્ઞાનના અભાવે ઊંધું સમજી જઈએ ત્યારે આપણને લાભ થવાને બદલે નુકસાન થવાનો સંભવ ઊભો થાય છે. માટે જ જ્ઞાન મેળવવાની જરૂર છે. અને સાથે સાથે તે શુદ્ધ હોવું જોઈએ. ભાષાશાસ્ત્રમાં એક શબ્દના અનેક અર્થ થતા હોવાથી, પ્રસંગને અનુસરી કયે ઠેકાણે કયો અર્થ લઈ શકાય ? તેમ કયો અર્થ નહીં લેવાય એનો વિવેક પણ શીખવો જ જોઈએ. ભાષાનો અર્થ નહીં સમજવાને લીધે જગતમાં ઘણા અનર્થો સર્જાયા છે એ ભૂલવું નહીં જોઈએ.

થોડા દિવસ પહેલાં મધ્યપ્રદેશમાં રામચંદ્રજીના ચરિત્ર ઉપર એક ખાસ પુસ્તક પ્રગટ કરવા યોજેલું. એ પુસ્તક હજુ તો ગર્ભાવસ્થામાં હતું. તેવામાં પુસ્તકમાં 'પ્રભુ રામચંદ્ર શિવવધુ વર્યા' એવો શબ્દ-પ્રયોગ તેમાં છે એવું કોઈ લોકોના જાણવામાં આવી ગયું. વાસ્તવિક જોતાં એનો સરળ અર્થ એવો હતો કે, પ્રભુ રામચંદે શિવ એટલે મુક્તિરૂપી વધુ એટલે સ્ત્રી સાથે લગ્ન કર્યું. એટલે મુક્તિ એટલે મોક્ષ પામ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ શબ્દનો ઊંધો અર્થ શી રીતે જોડાયો એ એક વિચાર કરવા જેવો પ્રશ્ન છે. ઊંધો અર્થ કરનારા કોઈ અભણ માણસે એનો એવો અર્થ ઉપજાવી કાઢયો કે રામચંદ્રજીએ શિવ એટલે શંકરની પત્ની જે પાર્વતી તેની સાથે લગ્ન કર્યું. કેવો મજાનો અર્થ! ઉપમા એ એક ભાષાશાસ્ત્રમાં અલંકાર છે. કહો કે, ભાષાને ઘરેણું પહેરાવી શોભતી અને આનંદ આપનારી કરી શકાય છે અને તેથી આત્મિક આનંદ મેળવી શકાય છે. એ વસ્તુ એ બાપડાને નહીં સમજવાને લીધે કેટલો હત્યાકાંડ કરી મૂર્તિભંજકનું તાંડવ કરી મૂકયું. એ વસ્તુ હજુ પણ લોકોની સામે છે. એક પુરાણ વાચનાર પંડિત પુરાણી રામાયણ વાંચતો હતો. શ્રોતાઓમાં એક ગમાર અજ્ઞાન સાંભળનારાનો પણ સમાવેશ થએલો હતો. એ નિત્ય સહુના પહેલાં હાજર થાય અને સહુની પાછળ ત્યાંથી જાય. રામાયણ પૂરું થયું અને લોકો ઘેરે જવા માંડ્યા, ત્યારે પેલા ગમાર શ્રોતાએ પંડિતને પ્રશ્ન કર્યો કે, મહારાજ, તમે પુરાણ વાંચતા હતા, મેં તો બધું સાંભળ્યું તેથી મારા જાણવામાં આવ્યું છે કે રાવણ મોટો જાદુગર હતો. કારણ આપે કહેલું કે રાવણે સીતાજીનું હરણ કર્યું. એ તો મેં ધ્યાનમાં રાખેલું છે. પણ રાવણે સીતાજીનું હરણ કર્યા પછી તેને ફરી માણસ કર્યું કે કેમ તેનો ખુલાસો આપે કેમ કર્યો નહીં. મને બીક લાગે છે કે રાવણે સીતાજીને હજી પણ હરણીના રૂપમાં રાખેલું છે કે કેમ? કારણ સીતા માતાને ફરી માણસનું રૂપ આપ્યું એવું આપે કહ્યું નથી. હરણ શબ્દનો અર્થ સાચી રીતે નહીં સમજવાનું કેવું પરિણામ!

શાસ્ત્રકારોએ અનેક નયોની વચમાં નિશ્ચય અને વ્યવહાર એ બે નયોને મુખ્યપણે વર્ણવ્યા છે. નિશ્ચયનય ઉત્કૃષ્ટ છતાં જ્ઞેય એટલે જાણવા લાયક છે. સમજી રાખવા લાયક છે. પ્રત્યક્ષ આ સ્થૂલ દેહથી આચરવા લાયક નથી. અને વ્યવહાર નય આચરણ માટે છે. નિશ્ચય નયથી કૂતરો અને ઇન્દ્ર બન્ને આત્માની દૃષ્ટિમાં સરખા હોય છે. બીલાડી અને ભૂંડ સરખી રીતે આત્મસ્વરૂપ છે. આપણો આત્મા અને જાનવરનો આત્મા નિશ્ચય નયની દૃષ્ટિથી સરખા છે. તેથી કોઇ જો કુતરાને કે ભૂંડને લાવી પોતાની જોડે જમવા બેસાડે તો કેટલું યુક્ત થાય? એ આત્માઓ હજુ અજ્ઞાનના અનેક આવરણોથી બદ્ધ અને ઢંકાયેલા છે. એના આવરણો દૂર થવા માટે હજુ કેટલો એક કાળ જવાનો બાકી છે. એ જીવો જ્યારે પોતાના આવરણો દૂર કરી શકશે ત્યારે જ તેઓ મનુષ્યમાં પ્રગટેલા વિશિષ્ટ જ્ઞાનગુણોથી વાસિત થઇ શકશે. મતલબ કે જગતમાં રહેલી અનંત વસ્તુઓનું સ્વરૂપ જાણવા માટે જ્ઞાનની જરૂર છે અને એ જ્ઞાન અત્યંત પવિત્ર છે, માટે જ કહ્યું છે કે, **न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते।** એટલે જ્ઞાન કરતાં વધારે શુદ્ધ અને પવિત્ર એવી બીજી કોઇ વસ્તુ નથી.

એ ઉપરથી સિદ્ધ થાય છે કે, જ્ઞાન વિનાના માનવો પશુ જેવા જ ગણાય છે. કારણ પશુઓમાં અને મનુષ્યોમાં કાંઈ ફેર હોય તો તે ફક્ત જ્ઞાનનો જ છે. જીવનના બધા જ વ્યવહારો જેવા કે આહાર, નિદ્રા, ભય, મૈથુન, સુખ દુઃખ જેવા બધા કાર્યો પશુઓના અને મનુષ્યોના સરખા જ હોય છે. ફેર કાંઈ હોય તો ફક્ત જ્ઞાન જેવા પવિત્ર ગુણનો જ છે. એ જ્ઞાનના સાધનથી મનુષ્ય જગતમાં અનેક જાતની સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકે છે. મનુષ્ય પોતાના વિશિષ્ટ જ્ઞાનગુણથી સેનાપતિ થઈ શકે છે, મંત્રી થઈ શકે છે અને રાજા પણ થઈ શકે છે, તેમજ અનેકોનો પ્રેમ જીતી શકે છે. માનવ જ્ઞાની પંડિત થઇ શકે છે. ધર્મગુરુ થઈ શકે છે. અનેકોને માર્ગદર્શક અને પ્રેરક થઇ શકે છે. યાવત્ જગતગુરુ થઇ શકે છે. અને તીર્થંકર પદવી પણ માણસ જ મેળવી શકે છે. એમ થવામાં એને પરમ પવિત્ર જ્ઞાનગુણ જ સહાયભૂત થાય છે. અને એ જ્ઞાન જ્યારે પરમ કોટીનું થઇ જાય છે ત્યારે જ તે કેવલજ્ઞાન ગણાય છે. અને સિદ્ધિ મળવી એ જ આત્માનું પરમ ધ્યેય ગણાય છે. એ જ છે આત્માની સિદ્ધિ.

For Private And Personal Use Only

એનું જ્ઞાન મળે છે ત્યારે તેને અજ્ઞાનજન્ય અંધારું ક્યાંય નડતું નથી. એની આગળ તો વિશ્વત્રયીની બધી જ વસ્તુઓ કે વિચારો હાથમાં રહેલા આમળાની પેઠે ઉઘાડી જણાય છે. એના બધા જ આવરણો નષ્ટ થઇ ગયેલા હોવાથી એ આત્મા પરમ મંગલ ભાવરૂપે સત્, ચિત્ અને આનંદમાં મગ્ન થઇ અનંતકાળ સુખનો ભોક્તા થાય છે. આવું છે એ પવિત્ર જ્ઞાન. એથી ઊંચું શું હોઈ શકે?

જ્ઞાનગુણનું મહત્ત્વ આપણે જોઈ ગયા. પણ એ ગુણનો સદુપયોગ કરવો કે દુરુપયોગ કરવો એ મનુષ્યના હાથમાં હોય છે. નાના અજ્ઞ બાળક પાસે એક નાનું ઘડિયાળ આપવામાં આવે ત્યારે તે બાળક ઘડિઆળ ને તેનો ઉપયોગ નહીં જાણતો હોવાથી ઘડીવારમાં ભાંગી નાખે. એટલું જ નહીં પણ એમાં રહેલા કાચ તેમજ ચક્રો અને સ્પ્રિંગ જેવી વસ્તુઓથી પોતાના શરીરને જખમ પણ કરી લ્યે. અર્થાત્ જ્ઞાન મળવા છતાં તેનો સદુપયોગ કરવાની આવડત ન હોય તો તે જ જ્ઞાન અનર્થનું પણ કારણભૂત થાય છે.

દીવાસળીની શોધ થઈ તે પહેલાં અગ્નિ પ્રગટાવવો અને તે સાચવવો એ એક જટિલ પ્રશ્ન હતો. પણ દીવાસળીની શોધ થતાં તે શોધ આશીર્વાદ સમી લાગી અને અગ્નિનું સાધન દરેકના ગજવામાં પણ આવી પેઠું. અગ્નિ પ્રગટાવવા માટે દીવાસળી આવી તેથી દીવો પ્રગટાવવો અને રસોઇ માટે અગ્નિ સળગાવવાનું કામ સુલભ થયું. એ વિજ્ઞાનનો સદુપયોગ ગણાયો. પણ કોઈએ તેનો ઉપયોગ લોકોના ઘર અને માલમિલ્કત બાળવા માટે કર્યો એ દુરુપયોગ કહેવાય. તેમાં દીવાસળી અર્થાત્ જ્ઞાનનો શો દોષ? જ્ઞાન એ આત્માને પુષ્ટિ અને તેનો વિકાસ કરવાનું અમોઘ સાધન છતાં જો કોઈ તેનો ખોટો ઉપયોગ કરે તો તે જ જ્ઞાન પ્રત્યક્ષ અજ્ઞાનનો અંધકાર ઉત્પન્ન કરવાને કારણભૂત થાય એ દેખીતું છે.

જ્ઞાનથી આત્મા ઉન્નત થાય, ઉદ્ધાર થાય અને પોતાનો વિકાસ સુગમ કરી શકે. અર્થાત્ મોક્ષ સુધીની સાધના એ પ્રાપ્ત કરી શકે. જ્ઞાનનો પવિત્ર રીતે ઉપયોગ સરળ અને નમ્રભાવે થયો હોત તો આજે ધર્મના જે ભિન્નભિન્ન રૂપો જોવામાં આવે છે તેવા શક્ય જ ન હતા. જ્ઞાનનો સાચો હેતુ અને અર્થ નહીં સમજવાને લીધે આજે ધર્મના ભેદો પેટા ભેદો, સંપ્રદાયો, આચાર્યો, ગચ્છ, સંઘ વિગેરે વિભિન્ન ટુકડા થવાનું પણ કાંઈ પ્રયોજન હતું નહીં. એમાં મુખ્યત્વે કરી અહંભાવ, ઈર્ષ્યા, દ્વેષ વિગેરે જેવા અજ્ઞાનજન્ય દુર્ગુણો પેઠા અને શુદ્ધ, પવિત્ર એવા જ્ઞાનનો ઉપયોગ પણ ભાગલા પાડી કલહ, કંકાસ, વિદ્રોહ, અસંતોષ અને અશાંતિ વધારવામાં થયો. જે સાચો જ્ઞાની હોય છે તેની પાસે પરમત-સહિષ્ણુતાનો ગુણ હોય છે. અને એને લીધે એ બધાઓને સુલભતાથી સમજાવી શકે છે અને અસંતોષને તરત જ દૂર કરી શકે છે. ધર્મધુરંધર આચાર્યોએ તે માટે અનેકાંતની પ્રરૂપણા કરી છે. એ હાર્દ નહીં સમજવાને લીધે અનેકોને એવો ભ્રમ નિર્માણ થયો કે, પોતે જે કહે છે તે જ એકલું સાચું છે. અને બધાઓએ તે માનવું જ જોઈએ અને જે નહીં માને તેને જબરીથી માને તેવું કરવું જોઇએ. એ માટે કલહ, મારામારી કે એવા અનુચિત પ્રપંચ આદિ કરવામાં જરાએ દોષ ન હોય.

આવી અઘટિત અને હડહડતી ધર્મ વિરુદ્ધની કલ્પના માથામાં પેસી ગએલી હોવાથી જ્ઞાની ગણાતા માનવોએ પણ જગતમાં ખૂબ અનર્થ સરજ્યા છે. ઘણાઓ એવા પણ હોય છે કે, પોતામાં ભૂલ છે, પોતાની માન્યતા અને પ્રરૂપણા ખોટી છે, એવી ખાત્રી થવા છતાં પણ અહંતાના રોગથી તેઓ પટકાઇ પડેલા હોવાથી સાચે માર્ગે વળી શકતા નથી. પોતાની માન્યતા લોકોના માથામાં ઠોકી બેસાડવા માટે ધમપછાડા કરી પોતે ખોટે માર્ગે જઇ લોકોને તેમ વાળવા પ્રયત્ન કરે છે. તેથી જ અમો કહીએ છીએ કે, જ્ઞાન પરમ પવિત્ર છતાં એક દિવ્ય રસાયન છે. અને તે જીરવવાની તાકાત હોય તો જ તેથી આત્માને ગુણ થઇ શકે છે. અન્યથા નહીં. બધાઓને એ જ્ઞાન જીરવવાની ત્રેવડ હાથ લાગે એવી સદિચ્છાપૂર્વક વિરમીએ છીએ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમાચાર સાર

**મુંબઈ :**–શ્રી વિનાયક કુંવરજીના પુત્ર શ્રી નિરંજન અમેરિકા તથા ઇંગ્લાન્ડમાં મીકેનીકલ તથા ઈલેકટ્રીકલ એન્જીનીઅરીંગનો અભ્યાસ કરી એમ. એસ. (માસ્ટર ઓફ સાયન્સ)ની ડિગ્રી પ્રાપ્ત કરી સ્વદેશ પાછા આવી ગયા છે. તેમને શુભેચ્છા.

**તળાજા :**–શ્રી તાલધ્વજ જૈન વિદ્યાર્થીગૃહના નવા મકાનનું ઉદ્દઘાટન તા. ૯–૧૧–૫૯ કાર્તિક શુદ દસમના રોજ શ્રી મહેન્દ્રભાઈ મનસુખલાલને શુભહસ્તે શેઠ શ્રી ભોગીલાલ મગનલાલના પ્રમુખસ્થાને થયું હતું હતું. આ પ્રસંગે શ્રી મહેન્દ્રભાઈએ વિદ્યાર્થીગૃહને રૂા. ૫૫૫૫ રૂપીઆની ભેટ આપી હતી. આ ઉપરાંત અનેક ગૃહસ્થોએ ઉદારતાથી વિદ્યાર્થીગૃહને આર્થિક મદદ આપી હતી.

**મુંબઈ :**–શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળના પ્રયત્નથી સમેતશિખર જૈન સ્પેશીઅલ ટ્રેન મુંબઈથી તા. ૧૭–૧૦–૧૯૫૯ના રોજ ઉપડી હતી.

–"ભારત જૈન મહામંડળ" તરફથી ડીસેમ્બર માસમાં એક અધિવેશન મુંબઇ ખાતે ભરાશે.

શ્રી જૈન શ્વે. એજ્યુ. બોર્ડ તરફથી તા. ૨૦–૧૨–૫૯ ને રવિવારે ૧ થી ૪ સુધીમાં તેના દરેક કેન્દ્રોમાં ધાર્મિક પરીક્ષાઓ લેવાશે.

–જૈન શ્વે. મૂ. કોન્ફરન્સનું આગામી અધિવેશન પંજાબમાં ભરવા માટેનું આમંત્રણ સ્વીકારવામાં આવ્યું છે.

**પાલીતાણા :**–ઉપધાન તપની આરાધનાની શરૂઆત પૂજ્ય આચાર્યશ્રી વિજયજમ્બૂસૂરિજી આદિની નિશ્રામાં આસો શુદ ૧૦ના થઈ હતી. આશરે ૩૦૦ ભાઈબહેનો ઉપધાન તપમાં જોડાયા છે. તેમની માળનું મુહૂર્ત તથા અઠ્ઠાઈ મહોત્સવ વગેરેનો કાર્યક્રમ તા. ૨૮ નવે. થી ૫મી ડીસે. સુધી રાખવામાં આવેલ છે.

**અમદાવાદ :**–શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈએ 'અમદાવાદ એજ્યુકેશન સોસાયટી'ને રૂા. ૧૮૫૦૦૦ ભેટ આપેલ છે.

**અમદાવાદ** તા ૨૩–૧૦–૫૯ ના રોજ અમદાવાદ મુકામે ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૦ સંમેલન મળી ગયું. તેનું ઉદ્દઘાટન શ્રી મુન્શીએ કર્યું હતું. તેના પ્રમુખનું માનવંતુ સ્થાન શ્રી કાકાસાહેબ કાલેલકરે શોભાવ્યું હતું. સંમેલનમાં વિભાગવાર પ્રમુખો નીચે પ્રમાણે હતા. (૧) સાહિત્ય વિભાગ–શ્રી સુંદરમ્. (૨) તત્વજ્ઞાન વિભાગ-પં. શ્રી સુખલાલજી (૩) ઇતિહાસ અને પુરાતત્ત્વ વિભાગ–મુનિશ્રી પુણ્યવિજયજી (૪) વિજ્ઞાન વિભાગ–ડૉ. વિક્રમ સારાભાઇ (૫) પત્રકારત્વ-શ્રી રવિશંકર મહેતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

## [ ૬૧-૬૨મા વર્ષનો રિપોર્ટ ]

[ સં. ૨૦૧૩ ના કારતક શુદિ ૧ થી સં. ૨૦૧૪ ના આસો વદિ ૦)) સુધી ]

આ સભાનો સં. ૨૦૧૩ તથા ૧૪-ની સાલનો હિસાબ તથા સરવૈયું આપની સમક્ષ રજૂ કરવામાં આવે છે.

સભા ૬૨ વરસ પૂરા કરી ૬૩ મા વરસમાં પ્રવેશ કરે છે, એ અમારે મન આનંદનો વિષય છે અને પોતાના કર્તવ્યક્ષેત્રે યશસ્વી મજલ કાપતી રહે એવી પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

જૈન સાહિત્યનો દેશ-પરદેશમાં વ્યાપક પ્રચાર કરવો અને ધાર્મિક અને વ્યાવહારિક શિક્ષણનો પ્રચાર કરવો એ આ સભાનું ધ્યેય છે અને આ ધ્યેયને અનુલક્ષીને આ સભા યથાશક્તિ સેવા બજાવતી આવી છે.

રિપોર્ટવાળા વરસ દરમિયાન વિચાર કરીએ તો સંયોગવશાત સભા સાહિત્ય-ક્ષેત્રે કોઈ મહત્વનો ફાળો નોંધાવી શકી નથી.

એમ છતાં ભાષાન્તર કે સંશોધનના મોટા ગ્રંથોની સાથે એક એક હજારના ખરચે નાના ગ્રંથો પ્રગટ કરવાની ઉમેદ ધરાવે છે, તેના ફળસ્વરૂપે બે નાના ગ્રંથો સભાએ પ્રગટ કર્યા છે, તેમાંનું એક છે સુપ્રસિદ્ધ સિદ્ધહસ્ત લેખક મુનિમહારાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજે લખેલ "**જીવનસૌરભ**" અને બીજું છે લોકપ્રિય લેખક સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયાએ લખેલ "**ધર્મકૌશલ્ય**" યુગ-દ્રષ્ટિને આવરી લેતા હોય એવા આ બંને ગ્રંથો છે. વ્યાપક દ્રષ્ટિ એમાં સમાયેલ છે અને એટલા જ ખાતર તે એટલા જ આવકારદાયક નીવડ્યા છે

આ પ્રકારનું વધુ સાહિત્ય તૈયાર કરાવીને પ્રગટ કરતા રહેવાની સભાની મનોકામના છે. અને જૈન સાહિત્યના વ્યાપક પ્રચારની દિશામાં ફાળો નોંધાવતી સાહિત્યપ્રચારની અમારી આ ભાવનાને દાતાઓ અપનાવશે એમ ઇચ્છીએ છીએ.

સભાની સાહિત્ય વિષયક પ્રવૃત્તિનો વિચાર કરીએ તો સભાની સાહિત્ય પ્રકાશનની પ્રવૃત્તિ (૧) આત્માનંદ સંસ્કૃત ગ્રંથમાળા (૨) શ્રી આત્માનંદ જૈન ગુજરાતી ગ્રંથમાળા અને (૩) શ્રી આત્માનંદ જૈન શતાબ્દિ સીરીઝ-આમ ત્રણ વિભાગમાં વહેંચાએલી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આત્માનંદ સંસ્કૃત ગ્રંથમાળા** સં. ૧૯૬૬માં શરૂ કરવામાં આવી અને આજ સુધીમાં સભાએ ૯૧ કીંમતી ગ્રંથો પ્રગટ કર્યા છે. અને પૂ. સાધુ, સાધ્વી, જૈન-જૈનેતર વિદ્વાનોને લગભગ પાંત્રીશ હજારની કિંમતના ગ્રંથો દેશ પરદેશમાં ભેટ આપ્યા છે. અભ્યાસકો અને તત્ત્વપ્રેમીઓની દુનિયામાં આ સાહિત્ય સારો સત્કાર પામ્યું છે અને તે એટલું જ મૂલ્યવાન છે.

હાલમાં આગમપ્રભાકર મુનિ મહારાજશ્રી **પુણ્યવિજયજી** મહારાજની પ્રેરણા અને સહકારથી સ્વ. મુનિ મહારાજશ્રી **ભૂવનવિજયજી** મહારાજના વિદ્વાન શિષ્યરત્ન મુનિ મહારાજશ્રી જંબુવિજયજી મહારાજ અવિરત શ્રમ લઈને દર્શનશાસ્ત્રનો મહાન ગ્રંથ "**નયચક્ર**" તૈયાર કરી રહ્યા છે. તેનો એક ભાગ તો લગભગ તૈયાર થઈ ગયો છે. બીજો-ત્રીજો ભાગ તૈયાર થઈ રહ્યો છે. સંભવ છે નજીકના ભવિષ્યમાં આ ગ્રંથ જનતા સમક્ષ રજૂ કરવા સભા ભાગ્યશાળી થશે.

આ ગ્રંથના સંપાદક મુનિ મહારાજશ્રી જંબુવિજયજી મહારાજના ગુરુવર્ય, મુનિશ્રી ભુવનવિજયજી મહારાજ, જેઓ આ ગ્રંથના સંપાદનમાં અવિશ્રાંત સાથ આપી રહ્યા હતા તેઓશ્રી સં. ૨૦૧૫ના મહા શુદિ ૮ ના રોજ સંખેશ્વરખાતે સ્વર્ગવાસ પામતાં, સભાને એક મહાન સાહિત્યોપાસકની ખોટ પડી છે. તે બદલ અમો આ તકે અમારી દિલગીરી વ્યક્ત કરીએ છીએ.

**શ્રી આત્માનંદ જૈન ગુજરાતી ગ્રંથમાળા:** સભાના લગભગ જન્મકાળથી જ સભા તરફથી આ ગ્રંથમાળા ચાલુ કરવામાં આવી છે અને આજ સુધીમાં તેના નાના-મોટા ૯૩ ગ્રંથો પ્રગટ કરવામાં આવ્યા છે. અને સભાના પેટ્રનો, આજીવન સભ્યો અને વિદ્વાનોને તે ભેટ તરીકે આપવામાં આવ્યા છે.

ઉપર જણાવ્યું તે રિપોર્ટવાળા વરસ દરમિયાન "**જીવન-સૌરભ**' અને '**ધર્મ કૌશલ્ય**' એમ બે ગ્રંથો પ્રગટ કરવામાં આવ્યા છે અને બીજા વધુ પ્રકાશનો માટે સભા વિચાર કરી રહેલ છે. આ ઉપરાંત આ સભાના માનદ મંત્રી સ્વ. વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધીની સેવાના સ્મારકરૂપે જે સ્મૃતિગ્રંથ પ્રગટ કરવાનો છે તેની પણ યોગ્ય વિચારણા ચાલી રહેલ છે.

**જૈન આત્માનંદ શતાબ્દિ સિરિઝ:-** શ્રી ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્ર મૂળના ચાર ભાગ આ સિરિઝમાં પ્રગટ કરવામાં આવ્યા છે અને પાંચમા ભાગથી તેનું પ્રકાશન કરવાનું બાકી છે તે માટે યોગ્ય વિચારણા ચાલુ છે.

આ ઉપરાંત "**આત્માનંદ પ્રકાશ**" માસિક ૫૬ વરસથી નિયમિત રીતે પ્રગટ થઈ રહ્યું છે, તેને વધુ સમૃદ્ધ કરવાની જરૂર છે, પણ મોંઘવારી અને આર્થિક સંકડામણને અંગે આ કાર્ય ઢીલમાં પડ્યું છે.

ઉપરની તમામ પ્રવૃત્તિને વધુ વેગવાન બનાવવા માટે દાતાઓ અને સાહિત્યોપાસકોનો અમો આ તકે સહકાર માગીએ છીએ.

આ ઉપરાંત સભાની અન્ય પ્રવૃત્તિઓમાં શ્રી મૂળચંદભાઈ સ્મારક કેળવણી ફંડ, બાબુ પ્રતાપચંદજી ગુલાબચંદજી કેળવણી ફંડ, શ્રી ખોડીદાસ ધરમચંદ જૈન બન્ધુઓ માટેનું રાહત ફંડ, આઝાદહિન્દ રાહત ફંડ વગેરે ફંડના કાર્યો, તેના ધ્યેયને અનુલક્ષીને ચાલુ છે તેમજ પ્રવર્તક મુનિરાજ શ્રી કાન્તિવિજયજી મહારાજ સ્મારક કેળવણી ફંડ અને સ્વ. શેઠ દેવચંદ દામજી સ્મારકની આવેલ રકમમાંથી મેટ્રિકના વિદ્યાર્થીઓ માટે ચંદ્રક આપવાની યોજના હવે તરતમાં અમલમાં મૂકવાની રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરુભક્તિ અંગે આ. શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની જન્મ જયન્તી ચૈત્ર શુ. ૧ના શ્રી શત્રુંજયની યાત્રા કરીને, અને પૂજ્યપાદ મુનિવર્ય શ્રી મૂળચંદજી મહારાજની તથા પૂ. આચાર્ય શ્રી વિજય-કમળ સૂરીશ્વરજી મહારાજની જયન્તી માગસર વદ ૬ તથા આ. શુ. ૧૦ ના રોજ નિયમિત ઉજવવામ આવે છે તેમ જ સભાનો વાર્ષિક દિવસ પણ જેઠ શુ. ૨ ના રોજ તળાજા તીર્થની યાત્રા કરીને ઉજવ-વામાં આવે છે.

છેલ્લા બે વરસમાં સભાને આમ તો ચાર-છ આપ્તજનોની ખોટ પડી છે, પરંતુ તેમાંના બે આપ્ત-જનોને ભૂલાય તેમ નથી.

આ સભાના જન્મકાળથી જ સભાની નાની મોટી પ્રવૃત્તિમાં રસ લઇ રહેલા અને સભાના પ્રમુખસ્થાને રહીને જેઓશ્રીએ સભાના વિકાસમાં મહત્ત્વનો ફાળો નોંધાવ્યો છે—એવા શેઠ ગુલાબચંદ આણંદજીની ખોટ સભા કદી ભૂલી શકે તેમ નથી. તેઓશ્રીના અવસાનથી સભાને એક સતત સેવાભાવીની ખોટ પડી. અને એવી જ બીજી ખોટ મુનિ મહારાજ શ્રી ભૂવનવિજયજી મહારાજની, દર્શનશાસ્ત્રનાં મહાન ગ્રંથનું સંશોધન અવિરત શ્રમ લઇને મુનિ મહારાજ શ્રી જંબુવિજયજી મહારાજ કરી રહ્યા છે તે કાર્યમાં મૂંગો સાથ તેઓશ્રીના ગુરુવર્ય મુનિ શ્રી ભૂવનવિજયજી મહારાજનો હતો, તેમ સભાના વિકાસ માટે સહકારની પ્રેરણા અને સાથ પણ મળ્યા કરતો હતો.

આ પ્રસંગે ઉભય પુણ્યાત્માઓને ભાવભીની અંજલિ અર્પીએ છીએ. અને તેઓશ્રીના પગલે ચાલીને સભા પોતનો વિકાસ સાધતી રહે તેમ પ્રાર્થીએ છીએ.

૬૭ વરસના લાંબા ગાળામાં સભાએ જે વિકાસ સાધ્યો છે, તે અનેક સાહિત્યસેવકોની અસીમ કૃપાનું જ પરિણામ છે; અનેક વ્યક્તિઓનો સભાને સમયે સમયે સાથ મળતો જ રહ્યો છે તે સૌનો વ્યક્તિ-ગત આભાર ન માનતા આ તકે સમગ્ર દૃષ્ટિએ આભાર માનીએ છીએ. અને આગમપ્રભાકર મુનિ મહા-રાજ શ્રી પૂણ્યવિજયજી મહારાજ જેઓશ્રીની કૃપાને અંગે આ સભા સાહિત્યપ્રકાશનનું ગૌરવભર્યું કાર્ય કરી શકેલ છે અને સભાની પ્રગતિ માટે જેઓશ્રી સતત કાળજી રાખી રહ્યા છે તેઓશ્રીનો તેમ જ નયચક્ર જેવા કઠણ ગ્રંથના સંપાદન અંગે તેઓશ્રી અવિરત શ્રમ લઈ રહ્યા છે અને સભાની સાહિત્ય પ્રકાશનની પ્રવૃત્તિને શોભાવી રહ્યા છે તે મુનિશ્રી જંબુવિજયજી મહારાજનો પણ આ તકે આભાર માન્યા વિના રહી શકતા નથી. અમે ઇચ્છીએ છીએ કે ઉભય મહાત્માઓના સહકારથી સભા વધુ ને વધુ સાહિત્ય પ્રકાશન કરવા ભાગ્યવંતી બને.

અંતમાં, સાહિત્ય પ્રકાશન, શિક્ષણપ્રચાર અને સમાજસેવાના કાર્યો કરવાની જે અનેક મનોકામના સભાના દિલમાં ભરી પડી છે તે સિદ્ધ કરવા સભા ભાગ્યશાળી બને તેવી પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરી અત્રે વિરમીએ છીએ.

વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ

જાદવજી ઝવેરભાઈ શાહ

ઓ. સેક્રેટરીઓ

For Private And Personal Use Only

# શ્રી જૈન આત્માનંદ

## સંવત ૨૦૧૩ ના આસો વદી અમાસના રોજ

| આવક | | |
|---|---|---|
| શ્રી જ્ઞાન ખાતે | | |
| પસ્તી વેચાણ તથા પરચુરણ આવક | | ૧૬૨--૪-૦ |
| શ્રી જ્ઞાન ખાતે તૂટના સરવૈયામાં લઇ ગયા | | ૨,૯૮૫-૧૪-૩ |
| શ્રી આવક ખાતે | | |
| વાર્ષિક મેમ્બર ફી | ૫૦-૦૦-૦ | |
| મકાન ભાડું | ૨,૨૫૨-૦૦-૦ | |
| વ્યાજ | ૫૫૩-૧૧-૬ | |
| લાઈફ મેમ્બરના સ્વર્ગવાસનો હવાલો | ૫૦૦-૦૦-૦ | |
| શ્રી આવક કરતાં ખર્ચના વધારાના | | ૩,૩૫૫-૧૧-૬ |
| નિભાવ ફંડ ખાતે લઈ ગયા તે | | ૧૨૬-૧૧-૬ |
| | કુલ રૂપીઆ | ૬,૬૩૦-૦૯-૩ |

અમારા રિપોર્ટ મુજબ

ભાવનગર તા. ૧૮-૮-૫૮

Sanghavi & Co.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સભા—ભાવનગર

### પુરા થતાં વર્ષનો આવક-ખર્ચનો હિસાબ

**ખર્ચ**

| | | |
|---|---|---|
| શ્રી જ્ઞાન ખાતે | | |
| વીમા ખાતે | ૧૨૭-૦૮-૦ | |
| જાહેર ખબર ખાતે | ૬૬-૦૦-૦ | |
| લાઇબ્રેરી ખાતે | ૯૪-૦૪-૯ | |
| ન્યુસ પેપર ખાતે | ૩૦૯-૦૩-૩ | |
| ટપાલ ખાતે | ૪૦-૧૫-૩ | |
| પરચુરણ ખર્ચ | ૧૨૪ ૧૧-૩ | |
| ઉજમબાઇ કન્યાશાળાને મદદના | ૧૨૫-૦૦-૦ | |
| વૃદ્ધિચન્દ્રજી સામાયિકશાળાને મદદના | ૨૦-૦૦-૦ | |
| આત્માનંદ પ્રકાશ પુસ્તક ૫૪ના તૂટના | ૨૪૦-૦૮-૬ | |
| | | ૩,૧૪૮-૦૨-૩ |
| શ્રી ખર્ચ ખાતે | | |
| પગાર ખાતે | ૧,૫૩૯-૦૬-૦ | |
| વીમા ખાતે | ૩૫૮-૦૪-૬ | |
| મકાન રીપેરીંગ ખાતે | ૯૩-૦૦-૦ | |
| સ્ટેશનરી ખાતે | ૪૫-૧૦-૦ | |
| વીજળી બત્તી ખાતે | ૭૧-૦૯-૦ | |
| ઇલેક્ટ્રીક રીપેરીંગ ખાતે | ૧૪૦-૦૦-૦ | |
| મુસાફરી ખર્ચ | ૩૦-૦૪-૦ | |
| વ્યાજ ખાતે | ૭૫૩-૦૪-૦ | |
| નળ ચાર્જ ખાતે | ૨૩-૧૨-૦ | |
| જયંતી ખાતાઓમાં તૂટના | ૪૬ ૦૯-૦ | |
| પરચુરણ ખર્ચના | ૩૮૦-૧૨-૬ | |
| | | ૩,૪૮૨-૦૭-૦ |
| | કુલ રૂપીયા | ૬,૬૩૦-૦૯-૩ |

For Private And Personal Use Only

# શ્રી જૈન આત્માનંદ

## સંવત ૨૦૧૩ના આસો વદી

### ફંડ તથા દેવું

| | | |
|---|---|---|
| **શ્રી નિભાવ ફંડ ખાતે** | | |
| ગયા વરસના સરવૈયા મુજબ | ૪,૧૨૯-૦૦-૬ | |
| બાદ : વર્ષ દરમ્યાન તૂટના આવક-ખર્ચના હિસાબ મુજબ | ૧૨૬-૧૧-૬ | |
| | | ૪,૦૦૨-૦૫-૦ |
| **શ્રી ફંડ ખાતે** | | |
| પેટ્રન તથા લાઇફ મેમ્બરશીપ ફંડ | ૭૭,૩૩૫-૦૦-૦ | |
| ગુજરાતી સીરીઝ ખાતે | ૩૫,૬૫૧-૦૦-૦ | |
| જયંતી ફંડ ખાતે | ૧૪,૧૬૭-૧૩-૬ | |
| જ્ઞાન ખાતે પુસ્તકો છપાવવા માટે | ૩ ૪૭૦-૦૩-૬ | |
| જુદા જુદા ફંડો ખાતે | ૧૧ ૭૩૪-૦૯-૦ | |
| | | ૧,૪૨,૩૫૮-૧૦-૦ |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સભા-ભાવનગર

### અમાસના રોજનું સરવૈયું

| મિલકત તથા લેણું | | |
|---|---|---|
| શ્રી જ્ઞાન ખાતે | | |
| વેચાણ પુસ્તક સ્ટોક | ૨૩,૩૩૨-૦૯-૦ | |
| કાગળ તથા અન્ય સ્ટોક | ૨૬૪-૧૪-૯ | |
| પુસ્તક તૈયાર કરવામાં થયેલ ખર્ચ | ૧,૭૩૪-૦૪-૬ | |
| જ્ઞાન ખાતે તૂટના | ૬,૩૬૬-૦૭-૦ | |
| | | ૩૧,૬૯૮-૦૩-૩ |
| શ્રી મકાન ખાતે | | ૯૪,૭૯૨-૦૧-૬ |
| શ્રી લોન : તારણ વગરની | | |
| કમીટીના સભ્યો પાસે | | ૪,૭૫૩-૦૮-૦ |
| શ્રી ઇન્વેસ્ટમેન્ટ ખાતે | | |
| ભાવનગર સ્ટેટ ટ્રેઝરરી બોન્ડમાં | ૧૦,૦૦૦-૦૦-૦ | |
| મહાલક્ષ્મી મીલના શેરોમાં | ૨૦૦-૦૦-૦ | |
| | | ૧૦,૨૦૦-૦૦-૦ |
| શ્રી લેણું | | |
| બુકસેલર્સ પાસે | ૮૦૧-૧૪-૬ | |
| મેમ્બર્સ પાસે | ૫૫-૦૦-૦ | |
| ભાડાનું લેણું | ૯૨૬-૦૩-૬ | |
| પરચુરણ લેણું | ૭૨-૦૫-૬ | |
| | | ૧,૮૫૫-૦૭-૬ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ

## સંવત ૨૦૧૩ના આસો વદી

| ફંડ તથા દેવું | | |
|---|---|---|
| શ્રી દેવું | | |
| લાયબ્રેરી ડીપોઝીટ | ૯૫-૦૦-૦ | |
| પરચુરણ દેવું | ૯૩-૦૪-૬ | |
| | | ૧૮૮-૦૪-૬ |
| | કુલ રૂપિયા | ૧,૪૬૫૪૯-૦૩-૬ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સભા–ભાવનગર

## અમાસના રોજનું સરવૈયું.

મિલ્કત તથા લેણું

| | | |
|---|---|---|
| શ્રી બેંકમાં તથા રોકડ પુરાંત | | |
| બેંકમાં સેવીંગ્સ ખાતે | ૨,૦૬૯–૦૦–૦ | |
| બેંકમાં ચાલુ ખાતે | ૫૧૩–૦૭–૦ | |
| પોસ્ટ સ્ટેમ્પ્સ | ૪૬–૦૦–૯ | |
| શ્રી પુરાંત પ્રમુખ સાહેબ પાસે | ૩૦૦–૦૦–૦ | |
| શ્રી પુરાંત | ૩૦૨–૧૨–૯ | |
| | | ૩,૨૩૧–૦૪–૬ |
| શ્રી સરવૈયા ફેરના | | ૧૮-૧૦–૦ |
| | કુલ રૂપીયા | ૧,૪૬,૫૪૯–૦૩–૬ |

## ઓડીટર્સ રિપોર્ટ

અમોએ ઉપરનું શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગરનું સંવત ૨૦૧૩ના આસો વદી અમાસના રોજનું સરવૈયું તથા તેજ દિવસે પૂરાં થતાં વર્ષનો આવક-ખર્ચનો હિસાબ સભાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યો છે અને તે બરાબર માલૂમ પડ્યો છે.

ભાવનગર
તા. ૧૮–૮–૫૮

Sanghavi & Co.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ

## સંવત ૨૦૧૪ ના આસો વદી અમાસના રોજ પુરા

આવક

| | | |
|---|---|---|
| **શ્રી જ્ઞાન ખાતે** | | |
| પસ્તી વેચાણ તથા પરચુરણ આવક | ૧૨૫-૩૩ | |
| શ્રી પુસ્તક વેચાણના નફાના | ૬૨૬-૫૯ | |
| શ્રી જ્ઞાનખાતે તૂટના સરવૈયામાં લઇ ગયા તે | ૧૭૨૮-૪૨ | |
| | | ૨૪૮૦-૩૪ |
| **શ્રી આવક ખાતે** | | |
| વાર્ષિક ફી | ૪૦-૦૦ | |
| મકાન ભાડું | ૨૪૨૩-૫૦ | |
| વ્યાજ | ૪૫૯-૭૫ | |
| લાઇફ મેમ્બર્સના સ્વર્ગવાસનો હવાલો | ૯૦૦-૦૦ | |
| | | ૩૮૨૩-૨૫ |
| શ્રી આવક ખર્ચના વધારાના નિભાવ ફંડખાતે લઇ ગયા તે | | ૯૧૫-૦૯ |
| | કુલ રૂપીયા | ૭,૨૧૮-૬૮ |

અમારા રિપોર્ટ મુજબ

ભાવનગર. તા. ૨૭-૭-૫૯

Sanghavi & Co.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સભા—ભાવનગર

## થતા વર્ષનો આવક ખર્ચનો હિસાબ

ખર્ચ

| | | |
|---|---|---|
| શ્રી જ્ઞાન ખાતે | | |
| ટપાલ ખાતે | ૬-૫૦ | |
| સ્ટેશનરી તથા પરચુરણ | ૭૫-૯૦ | |
| પ્રીન્ટીંગ તથા કાગળના | ૧૧૩-૦૦ | |
| આત્માનંદ પુસ્તક પપની તૂટના | ૨૨૮૪-૯૪ | ૨૪૮૦-૩૪ |
| શ્રી ખર્ચ ખાતે | | |
| પગાર ખાતે | | ૧૯૫૦-૦૦ |
| લાઇબ્રેરી ખાતે | | ૪૦-૦૦ |
| વર્તમાન પત્ર | | ૨૫૭-૫૦ |
| પુસ્તક ભેટ | | ૨૫-૧૪ |
| ટપાલ ખાતે | | ૩૭-૧૪ |
| વૃદ્ધિચંદ્રજી પાઠશાળા | | ૨૦-૦૦ |
| વીમા ખાતે | | ૪૮૫-૭૮ |
| ઇલેક્ટ્રીક ખાતે | | ૮૫-૩૭ |
| સ્ટેશનરી ખાતે | | ૮-૯૪ |
| નળ ખાતે | | ૧૦-૦૦ |
| મકાન રીપેરીંગ ખાતે | | ૨૮૦-૭૮ |
| વ્યાજ ખાતે | | ૮૫૭-૫૦ |
| પરચુરણ ખર્ચ ખાતે | | ૬૭૯-૩૬ |
| | કુલ રૂપીયા | ૭,૨૧૮-૬૮ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ

## સંવત ૨૦૧૪ના આસો વદી

ફંડ તથા દેવું.

| | | |
|---|---|---|
| શ્રી નિભાવ ફંડ ખાતે | | |
| ગયા વર્ષના સરવૈયા મુજબ | ૪૦૦૨-૩૪ | |
| બાદ : વર્ષ દરમિયાન તૂટના | | |
| આવક ખર્ચના હિસાબ મુજબ | ૯૧૬-૨૫ | ૩૦૮૬-૦૯ |
| શ્રી ફંડ ખાતે | | |
| પેટ્રન તથા લાઇફ મેમ્બરશીપ ફંડ | ૭૬,૬૩૭-૦૦ | |
| ગુજરાતી સીરીઝ ખાતે | ૩૫,૬૫૧-૦૦ | |
| જયંતી ફંડ ખાતે | ૧૪,૫૦૮-૫૨ | |
| શ્રી જ્ઞાન ખાતે પુસ્તકો છપાવવા માટે | ૩,૫૦૫-૮૬ | |
| જુદા જુદા ફંડો | ૧૩,૪૮૨-૩૩ | ૧,૪૩,૭૮૪-૭૧ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સભા—ભાવનગર

## અમાસના રોજનું સરવૈયું.

મિલ્કત તથા લેણું

| | | |
|---|---|---|
| શ્રી જ્ઞાન ખાતે | | |
| વેચાણુ પુસ્તક સ્ટૉક | ૨૧૩૧૫-૭૫ | |
| કાગળ તથા અન્ય સ્ટૉક | ૩૦૬-૨૫ | |
| પુસ્તક તૈયાર કરવામાં થયેલ ખર્ચ | ૨૯૧૭-૩૪ | |
| જ્ઞાન ખાતે તૂટના | ૮૦૯૪-૮૭ | ૩૨,૬૩૪-૨૧ |
| શ્રી મકાન ખાતે | | ૯૪,૭૯૨-૦૯ |
| શ્રી લોન તારણુ વગરની | | |
| કમીટીના સભ્યો પાસે | | ૩,૬૧૨-૮૭ |
| શ્રી ઇન્વેસ્ટમેન્ટ ખાતે | | |
| ભાવનગર સ્ટેટ ટ્રેઝરી બોન્ડ | ૧૦,૦૦૦ | |
| શ્રી મહાલક્ષ્મી મીલના શેરોમાં | ૨૦૦ | ૧૦,૨૦૦-૦૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ

## સંવત ૨૦૧૪ના આસો વદી

| ફંડ તથા દેવું. | | |
|---|---|---|
| શ્રી દેવું. | | |
| લાયબ્રેરી ડીપોઝીટ | ૯૫-૦૦ | |
| પરચુરણ દેવું | ૩૮૨-૩૩ | |
| | | ૪૭૭-૩૩ |
| | કુલ રૂપીયા | ૧,૪૭૩૪૮-૧૩ |

## ઓડીટર્સ રિપોર્ટ

અમોએ ઉપરનું શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગરનું સંવત ૨૦૧૪ ના આસો વદી અમાસના રોજનું સરવૈયું તથા તે જ દિવસે પૂરા થતા વર્ષનો આવક--ખર્ચનો હિસાબ સભાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યા છે અને તે બરોબર માલૂમ પડ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સભા—ભાવનગર.

## અમાસના રોજનું સરવૈયું

| મિલ્કત તથા લેણું. | | |
|---|---|---|
| શ્રી લેણું | | |
| બુકસેલર્સ પાસે | ૧,૧૧૯–૩૭ | |
| મેમ્બર્સ પાસે | ૫૫–૦૦ | |
| ભાડાનું લેણું. | ૫૫૯–૩૭ | |
| પરચુરણ લેણું. | ૩૨–૧૫ | |
| | | ૧૭૬૫–૮૯ |
| શ્રી બેન્કમાં તથા રોકડ પુરાંત | | |
| બેન્કમાં સેવીંગ્સ ખાતે | ૨૦૬૯–૦૦ | |
| બેન્કમાં ચાલુ ખાતે | ૧૭૫૧–૬૯ | |
| પોસ્ટ સ્ટેમ્પ્સ | ૭૧–૬૯ | |
| શ્રી પુરાંત | ૪૦૫–૭૮ | |
| | | ૪,૨૯૮–૧૬ |
| શ્રી સરવૈયા ફેરના | | ૪૪–૯૧ |
| | કુલ રૂપીયા | ૧,૪૭,૩૪૮–૧૩ |

ભાવનગર. ૨૭–૭–૫૯

Sanghavi & Co.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સં. ૨૦૧૫ ની સાલ સુધીમાં થયેલ પેટ્રન સાહેબોની નામાવલિ

૧ શેઠ ચંદુલાલ સારાભાઈ મોદી બી. એ.
૨ રા. બ. શેઠ કાન્તિલાલ ઈશ્વરલાલ જે. પી.
૩ શેઠ રતીલાલ વાડીલાલ
૪ ,, માણેકલાલ ચુનીલાલ જે. પી.
૫ ,, કાન્તિલાલ બકોરદાસ
૬ રાવ બહાદુર શેઠ નાનજીભાઈ લધાભાઈ
૭ ,, ભોગીલાલભાઈ મગનલાલ
૮ ,, રમણિકલાલ ભોગીલાલભાઈ
૯ ,, મોહનલાલ તારાચંદ જે. પી.
૧૦ ,, ત્રિભુવનદાસ દુર્લભદાસ
૧૧ ,, ચંદુલાલ ટી. શાહ જે. પી.
૧૨ ,, રમણિકલાલ નાનચંદ
૧૩ ,, દુર્લભદાસ ઝવેરચંદ
૧૪ ,, દલીચંદ પુરૂષોત્તમદાસ
૧૫ ,, ખાન્તિલાલ અમરચંદ વોરા
૧૬ રાવ બહાદુર શેઠશ્રી જીવતલાલ પ્રતાપશી
૧૭ શેઠ અમૃતલાલ કાલીદાસ
૧૮ ,, ખુશાલદાસ ખેંગારભાઈ
૧૯ ,, કાન્તિલાલ જેશીંગભાઇ
૨૦ ,, ચંદ્રકાન્તભાઈ હેજમશી
૨૧ ,, લક્ષ્મીચંદ દુર્લભદાસ
૨૨ ,, કેશવલાલ લલ્લુભાઈ
૨૩ શાહ ઓધવજીભાઈ ધનજીભાઈ, સોલિસિટર
૨૪ શેઠ મણિલાલ વનમાળીદાસ બી. એ.
૨૫ ,, સારાભાઇ હઠીસીંગ
૨૬ ,, રમણભાઈ દલસુખભાઇ
૨૭ ,, જમનાદાસ મોનજીભાઇ ઝવેરી
૨૮ ,, હીરાલાલ અમૃતલાલ બી. એ.
૨૯ મહેતા ગિરધરલાલ દીપચંદ કમળેજવાળા
૩૦ શાહ લવજીભાઈ રાયચંદ
૩૧ ,, પાનાચંદ લલ્લુભાઇ
૩૨ શેઠ કસ્તુરભાઇ લાલભાઇ
૩૩ ,, પરશોત્તમદાસ મનસુખલાલ તારવાળા
૩૪ મહેતા મનસુખલાલ દીપચંદ કમળેજવાળા
૩૫ શેઠ છોટાલાલ મગનલાલ
૩૬ ,, માણેકચંદ પોપટલાલ થાનગઢવાળા
૩૭ શેઠ નગીનદાસ કરમચંદ સંઘવી
૩૮ ડોક્ટર સાહેબ વલ્લભદાસ નેણશીભાઇ મહેતા
૩૯ શેઠ સકરચંદ મોતીલાલ મૂળજી
૪૦ ,, પ્રાગજીભાઇ ઝવેરચંદ
૪૧ ,, ખીમચંદ લલ્લુભાઈ
૪૨ ,, કેશવજીભાઈ નેમચંદ
૪૩ ,, હાથીભાઇ ગલાલચંદ
૪૪ ,, અમૃતલાલ ફૂલચંદ
૪૫ ,, વનમાળી ઝવેરચંદ
૪૬ ,, ખીમચંદ મોતીચંદ સરવૈયા
૪૭ ,, રમણલાલ જેશંગભાઈ ઉગરચંદ
૪૮ ,, મગનલાલ મૂળચંદભાઇ
૪૯ ,, કેશવલાલ બુલાખીદાસ
૫૦ ,, ચીમનલાલ મગનલાલ
૫૧ ,, રતિલાલ ચત્રભુજ
૫૨ ,, પોપટલાલ ગિરધરલાલ
૫૩ ,, કાન્તિલાલ હીરાલાલ કુસુમગર
૫૪ ,, સાકરલાલ ગાંડાલાલ વેલાણી
૫૫ ,, હરખચંદ વીરચંદ
૫૬ ,, ચંદુલાલભાઈ વર્ધમાન
૫૭ ,, છોટાલાલ ભાઇચંદભાઈ
૫૮ શ્રીમતી પ્રભાવતીબેન હરખચંદ ગાંધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**પરિચય પુસ્તિકાઓ :**—માઈશ્રી વાડીલાલ સંપાદિત પરિચય પુસ્તિકાઓ જીવનના વિવિધ પ્રશ્નો અંગે ઘણી ઉપયોગી માહિતી સરળ ભાષામાં આપે છે. લોકશાહીમાં દરેક નાગરિકને ગમે તેટલી પ્રવૃત્તિઓમાં મગ્ન હોય તો પણ સમાજ, અને રાષ્ટ્રના વિવિધ પ્રશ્નોની સમજ હોવી જરૂરી છે. પણ એવી સમજ માટે તેને આજે ધમાલીયા જીવનમાં અવકાશ મળતો નથી. આવી પુસ્તિકાઓ તે મુશ્કેલી થોડે ઘણે અંશે ઓછી કરે છે. તે દરેક નાગરિકને ઉપયોગી વિવિધ વિષયોનું જ્ઞાન ટૂંકમાં આપે છે. વળી આ પુસ્તિકાઓની મુખ્ય વિશિષ્ટતા એ છે કે જે વિષયની પુસ્તિકા હોય તે વિષયના સાચા જાણકાર પાસે એ તૈયાર કરાવવામાં આવે છે, તેથી, આ પુસ્તિકાઓની માહિતી ઊંડા તલસ્પર્શી જ્ઞાન પર રચાયેલી હોઈ ખાત્રીવાળી હોય છે.

આવી પ્રવૃત્તિને બીજા વર્ષમાં પ્રવેશ કરતા તેનું જાહેર ટ્રસ્ટ રચવામાં આવ્યું છે, એ પણ આનંદદાયક છે. આ પુસ્તિકાઓને જનતાએ સારી રીતે વધાવી લીધી છે એ તેની ઉપયોગિતાનો નક્કર પુરાવો છે. બીજા વર્ષની પુસ્તિકાઓ પરિચય ટ્રસ્ટ તરફથી પસિદ્ધ થઈ રહી છે. એ પ્રવૃત્તિ વધુ ફાલે-ફૂલે એવી શુભેચ્છા.

પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ તરફથી પહેલા વર્ષે નીચેની પુસ્તિકાઓ પ્રસિદ્ધ થઈ ચૂકી છે. બાળકોને વાર્તા કેવી રીતે કહીશું ? મુશાયરાની કથા, વાયદાનો વેપાર, પ્રજા અને પોલીસ, ધર્મ ક્યાં છે ? સંતતિનિયમનની સરળ રીતો, તેલ અને લૂણેજ, સાચી જોડણી અઘરી નથી. વર્તમાન પત્ર કેમ તૈયાર થાય છે ? વીજળીની કથા, લોકશાહી શા માટે ? સંગીત સાંભળવાનો આનંદ, આ બધી યોજના શા માટે ? નાટક ભજવતા પહેલાં, આપણી પરદેશનીતિ, સભાસંચાલન, અંગ્રેજી જશે તો શું થશે ? લગ્નઃ છૂટાછેડાઃ વારસો, હૃદયની સંભાળ (૧-૨) સિનેમા કેવી રીતે ઉતરે છે, ભૂદાનનો મર્મ, અનુવાદની કળા., ઘરની જીવાત.

બીજા વર્ષમાં નીચેની પુસ્તિકાઓ પ્રસિદ્ધ થઈ ચૂકી છે. સંસ્થાનું ચારિત્ર, ક્ષયરોગ રાજરોગ નથી, સંસ્કૃત સાહિત્યમાં ડોકિયું, ઘરનો વહીવટ, વેવિશાળની સમસ્યા, સ્પુટનિક અને રૉકેટ, આ અધિકાર તમારા છે, હળવી કસરતો.

For Private And Personal Use Only

Reg. N. B. 431

# અભિમાન

ઘણીવાર અહમ્ આપણા જીવનનું મધ્યબિંદુ બની જાય છે. મેં આ કર્યું, તે કર્યું, હું આ જાણું છું, એવું અભિમાન આપણે સેવીએ છીએ. આ અભિમાન ઉપર મર્યાદા મૂકવા કુદરતની શક્તિઓ સાથે આપણી શક્તિઓની તુલના કરવાનું જરૂરી છે. કોઈ પણ ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત થતાં તેનાં કારણોમાં આપણે ઊંડા ઊતરીએ, તો એમ સમજાય કે કુદરત અનુકૂળ રહી એ સિદ્ધિ માટેનું મુખ્ય કારણ હતું. એ પછી પણ અનેક બળો આપણને એ સિદ્ધિ માટે સહાયરૂપ બન્યાં હશે. જો નમ્રતાપૂર્વક પૃથક્કરણ કરીને જોઇશું તો સમજાશે કે જે સિદ્ધિ માટે જગત વધુમાં વધુ યશ આપણને આપે છે તે સિદ્ધિ પ્રાપ્ત કરવામાં આપણો હિસ્સો તો અલ્પ હોય છે; કુદરતે ને બીજા માનવીઓએ સરજેલા સંયોગની સાથે આપણા પુરુષાર્થનું મિલન થાય અને એમાંથી સિદ્ધિ નીપજે તેનો આનંદ આપણે અનુભવીએ તેમાં ખોટું નથી.

અભિમાની માણસ સત્ય જોઈ કે સમજી શકતો નથી એ અનેકને ત્રાસરૂપ પણ બને છે. આ અભિમાનને તોડવા માટે કુદરતનાં બળો સાથે આપણી શક્તિઓની તુલના થાય અને આસપાસના સંયોગો સાથે આપણા પુરુષાર્થની સરખામણી થાય એ ઇષ્ટ છે. પરંતુ તેનો અર્થ એવો નથી કે માનવીની શક્તિને આપણે ઓળખીએ નહિ. માનવી પણ કુદરતનું બાળક છે, તેનો જ અંશ છે. બિંદુમાં જેમ સિંધુના સઘળા તત્ત્વો હોય છે ને સર્જનમાં જેમ સર્જકનું સત્વ ઊતરે છે, તેમ માનવ અને કુદરતનું બને છે. માનવ જો એમ સમજી લે કે એ કુદરતનો સ્વામી નથી પણ સંતાન છે, તો અભિમાનનો ભય ઊભો થાય નહિ, બહુ ઊંચે ચડવાનું કે નીચે પડવાનું પણ બને નહિ.

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ : : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ ભાવનગર.